# સર્વગ્રાહી સાંપ્રત સિરિઝ

## ભાગ-19



## આવનારી વિવિધ પ્રિલિમ પરીક્ષા માટે ખાસ ઉપયોગી

Manas Academy
सिद्धिर्भवति कर्मजा

# સાંપ્રત મહત્વની સાંસ્કૃતિક અને અન્ય બાબતો

# આદિ શંકરાચાર્યની પ્રતિમા : એકાત્મકતાની પ્રતિમા

અનાવરણ : સપ્ટેમ્બર, 2023માં

સ્થાન : ઓમકારેશ્વર, જિ. ખંડવા, મધ્યપ્રદેશ

લંબાઈ : 108 ફુટ

નામ : એકાત્મકતાની પ્રતિમા - 'Statue of Oneness'

નિર્માતા : મધ્ય પ્રદેશ સરકાર અને કોન્ટ્રાક્ટર : લાર્સન એન્ડ ટુબ્રો

સ્મૃતિ : આદિ શંકરાચાર્યએ 12 વર્ષની વયે ઓમકારેશ્વરની મુલાકાત લીધી હતી.

ધાતુ : કાંસ્ય પ્રતિમા જેમાં 88% તાંબુ, 4% જસત અને 8% ટીન વપરાયું છે.

# આદિ શંકરાચાર્યની પ્રતિમા : એકાત્મકતાની પ્રતિમા

**અન્ય બાબતો :** આ પ્રતિમા સાથે જ એકાત્મ ધામ અને આચાર્ય શંકર ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ અદ્વૈત વેદાંતની સ્થાપના પણ કરવામાં આવી છે.

**શંકરાચાર્યનું જન્મ સ્થાન :** કલાદી, કેરળ

**સમય :** ઈ.સ.788 થી 820

**પ્રદાન :** અદ્વૈતવાદના સ્થાપક કે જેને ‘કઠોર એકેશ્વરવાદ’ પણ કહે છે.

**અન્ય નામ :** હિન્દુ ધર્મના એક્વિનાસ

**ચાર મઠના સ્થાપક :** દ્વારકા, બદ્રીનાથ, જગન્નાથપુરી અને શ્રુંગેરી


4th
Tallest Statue
in the World
STATUE OF
BELIEF
विश्वास स्वरुपम्
Statue of Unity
India
182 Meters
Spring Temple Buddha
China
153 Meters
Ushiku Daibutsu
Japan
120 Meters
Statue of Belief
India
107 Meters
Statue of Liberty
USA
93 Meters
The Motherland Calls
Russia
85 Meters

| Statue | Depicts | Locations | Height | | Notes | Completed |
|---|---|---|---|---|---|---|
| | | | m | ft | | |
| Statue of Unity | Vallabh bhai Patel | Sadhu Bet, Gujarat | 182 | 597 | World's tallest statue | 2018 |
| Statue of Belief | Lord Shiva | Nathdwara, Rajasthan | 112.4 | 369 | World's tallest sitting statue | 2022 |
| Statue of Equality | Ramanuja | Hyderabad, Telangana | 65.8 | 216 | India's second tallest sitting statue | 2022 |
| Dr. B.R. Ambedkar | Dr. B.R. Ambedkar | Hyderabad, Telangana | 53.3 | 175 | | 2023 |

# હોયસળ વંશ નિર્મિત મંદિર સમૂહ તથા શાંતિનિકેતન

**વર્લ્ડ હેરિટેજ લિસ્ટ :** સપ્ટેમ્બર, 2023માં UNESCO એ તેની પ્રતિષ્ઠિત વિશ્વ ધરોહર યાદીમાં હોયસળ વંશ દ્વારા નિર્મિત મંદિરોને તથા શાંતિ નિકેતનને ‘વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યા.

**45માં સત્ર :** સાઉદી અરેબિયામાં વર્લ્ડ હેરિટેજ સમિતિના 45માં સત્ર દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

**કુલ 43 સ્થળ :** આ રીતે  ભારતના કુલ 42 સ્થળો આ હેરિટેજ લિસ્ટમાં શામેલ છે. 41મું સ્થળ શાંતિનિકેતન છે અને 42મું સ્થળ હોયસળ વંશ દ્વારા નિર્મિત મંદિરો છે.

# હોયસળ વંશ નિર્મિત મંદિર સમૂહ તથા શાંતિનિકેતન

## શાંતિનિકેતન

સ્થાપના વર્ષ : 1901માં ગુરૂદેવ રવિન્દ્રનાથ ટેગોર દ્વારા

સ્થાન : આ સ્થાન પશ્ચિમ બંગાળના બિરભૂમ જિલ્લાના બોલપુર ખાતે આવેલું છે.

યુનિવર્સિટી : 1921માં આને 'વિશ્વ ભારતી' નામથી યુનિવર્સિટીનું સ્તર પ્રાપ્ત થયું થયું.

કુલપતિ : આના કુલપતિ ભારતના વડાપ્રધાન હોય છે.

રવિન્દ્ર ભવન : રવીન્દ્રનાથ ટાગોરનું નિવાસસ્થાન "રવીન્દ્ર ભવન" અહીં જ આવેલું છે.

# હોયસળ વંશ નિર્મિત મંદિર સમૂહ તથા શાંતિનિકેતન

## હોયસળ વંશ નિર્મિત મંદિરો

આ મંદિરોનું નિર્માણ 12મી અને 13મી સદીમાં થયેલું.

આ મંદિરોમાં કર્ણાટકના બેલુરનું ચન્નાકેશવ મંદિર, હલેબીડનું હોયસલેશ્વર મંદિર અને સોમનાથપુરાનું કેશવ મંદિર શામેલ છે કે જેને હેરિટેજ સાઇટનો દરજ્જો પ્રાપ્ત થયો.

આ મંદિરોને સ્થાપત્યની વૈસર શૈલી હેઠળ બાંધવામાં આવ્યા છે જેમાં નાગર શૈલી અને દ્રવિડ શૈલી બન્નેનો સમન્વય જોવા મળે છે.

ચન્નાકેશવ મંદિર અને કેશવ મંદિર ભગવાન વિષ્ણુથી સંબંધિત છે તથા હોયસલેશ્વર મંદિર શિવથી સંબંધિત છે.

# હોયસળ વંશ નિર્મિત મંદિર સમૂહ તથા શાંતિનિકેતન

**બેલુરનું ચન્નકેશવ મંદિર :** ચન્નાકેશવ મંદિરને વિજય નારાયણ મંદિર પણ કહે છે કે જેનું નિર્માણ ઈ.સ. 1110 થી 1120 દરમ્યાન હોયસળ વંશના શાસક વિષ્ણુવર્ધન દ્વારા કરાવવામાં આવેલું.

**હલેબિડનું હોયસળેશ્વર મંદિર :** આ શિવ મંદિરનું નિર્માણ પણ વિષ્ણુવર્ધનના સમયમાં થયેલું. આ મંદિરનું બાંધકામ ઈ.સ. 1121 થી 1160 દરમ્યાન થયેલું.

**સોમનાથપુરાનું કેશવ મંદિર :** આ વિષ્ણુ મંદિરનું નિર્માણ સોમનાથ દંડનાયક નામના એક લશ્કરી અધિકારી દ્વારા કરવામાં 13મી સદીમાં ઈ.સ. 1258ની આસપાસ કરવામાં આવેલું . આ સમયે નરસિંહ દ્વિતીય હોયસળ વંશનો શાસક હતો.

# સેન્ટ્રલ વિસ્ટા : નવું સંસદ ભવન

**ઉદ્ઘાટન :** 28 મે, 2023ના રોજ વડાપ્રધાન મોદી દ્વારા

**પહેલી બેઠક :** નવા સંસદ ભવનમાં પહેલી બેઠક 19 સપ્ટેમ્બર, 2023

**નિર્માતા :** ભારત સરકાર અને કોન્ટ્રેક્ટર ટાટા ગૃપ રહ્યું જ્યારે ડિઝાઈન અમદાવાદ ખાતેની ICP મેનેજમેન્ટ દ્વારા બનાવવામાં આવેલી.

**શિલાન્યાસ :** 10 ડિસેમ્બર, 2020ના રોજ વડાપ્રધાન મોદી દ્વારા

**સેંગોલ રાજદંડ :** ચૌલ વંશના શાસન દરમ્યાન 'સેંગોલ' સાર્વભૌમ સત્તાનું પ્રતીક હતું અને આ સેંગોલ પરંપરાને નવી સંસદમાં સ્વીકૃતિ અપાઈ તથા તેની સંસદમાં સ્થાપના કરાઈ. સેંગોલ શબ્દ તમિલ ભાષાના 'સેમાઈ' ઉપરથી આવ્યો છે જેનો અર્થ છે 'સદાચાર'.

# સેન્ટ્રલ વિસ્ટા : નવું સંસદ ભવન

**સેંગોલ અને દેશની આઝાદી :** આઝાદી સમયે જવાહરલાલ નહેરુએ આ સેંગોલના પ્રતીકનો સ્વીકાર કરેલો. તેમને આ સેંગોલ કેટલાક પાદરીઓ દ્વારા આપવામાં આવેલો કે જેઓ તામિલનાડુના તિરુવદુથુરાઈથી દિલ્લી આવેલા.

**સેંગોલનું નિર્માણ :** સંસદમાં સ્થાપિત કરાયેલા સોનાના સેંગોલનું નિર્માણ ચેન્નાઈના જ્વેલર્સ  વુમ્મિદી બંગારુ ચેટ્ટી દ્વારા કરાયું છે. સેંગોલની લંબાઈ 5 ફુટ છે. સેંગોલની ઉપર 'ન્યાય'ના પ્રતીકના રૂપમાં નંદીની આકૃતિ સ્થાપિત કરાઈ છે.

**જુની સંસદ :** જુના સંસદ ભવનને હવે એક નવું નામ 'સંવિધાન સદન' (Constitutional House) રહેશે. આ સંસદ ભવન હવે એક મ્યુઝિયમ રહેશે કે જેમાં ભારતના બંધારણ અને સંસદની સ્મૃતિઓને રજૂ કરાશે.

# સેન્ટ્રલ વિસ્ટા : નવું સંસદ ભવન

## જુની સંસદનો ઇતિહાસ

**શિલાન્યાસ :** જુની સંસદના નિર્માણનો શિલાન્યાસ 12 ફેબ્રુઆરી, 1921ના રોજ બ્રિટિશર ધ ડ્યુક ઑફ કેનોટ દ્વારા થયેલું.

**ઉદ્ઘાટન :** તેનું ઉદ્ઘાટન 18 જાન્યુઆરી, 1927ના રોજ ગવર્નર જનરલ લોર્ડ ઇરવિન દ્વારા કરવામાં આવેલું.

**ખર્ચ :** 83 લાખ રૂ.

**આર્કિટેક્ટ :** સર એડવિન લુટિયન્સ તથા હર્બર્ટ બેકર

# ઉભૌલી ઉત્સવ

**પ્રદેશ :** નેપાળમાં કોશી પ્રાંત અને કાઠમંડુ જિલ્લામાં

**ક્યારે :** વૈશાખની પૂર્ણિમાના દિવસે

**મહત્વ :** આ તહેવાર કિરાંત સમુદાય માટે મહત્વ ધરાવે છે. ઉનાળાની ઋતુ આવે ત્યારે ખેતીની શરૂઆત અને પર્વતીય પ્રદેશો તરફ સ્થળાંતરના તબક્કોને ઉજવવા માટે આ ઉત્સવ મનાવવામાં આવે છે.

# ગજ ઉત્સવ

**સ્થાન : આસામમાં કાઝીરંગા નેશનલ પાર્ક**

**ક્યારે : 7 એપ્રિલ, 2023**

**મહત્વ : પ્રોજેક્ટ એલિફન્ટના 30 વર્ષ પૂરા થવાના નિમિત્તે આ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉત્સવ દ્વારા હાથીના સંરક્ષણ માટે જનજાગૃતિ લાવવામાં આવી.**

# બૈસાખી તહેવારની ઉજવણી

**પ્રદેશ :** પંજાબ અને હરિયાણા

**બૈસાખી :** બૈસાખી લણણીની મોસમમાં ઉજવાતો તહેવાર છે. બૈસાખીના દિવસે 1699માં ગુરુ ગોવિંદ સિંહ દ્વારા ખાલસા પંથની સ્થાપના થયેલી.

# બોહાગ તહેવારની ઉજવણી

**સ્થાન :** આસામ

**ક્યારે :** એપ્રિલ, 2023

**મહત્વ :** બોહાગ બિહુ, જેને ‘રોંગાલી બિહુ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ આસામનો લણણીનો એક તહેવાર છે જે આસામી નવ વર્ષની શરૂઆતને દર્શાવે છે.

# થવે ફેસ્ટિવલ

**પ્રદેશ :** બિહારના ગોપાલગંજ

**ક્યારે :** 15 અને 16મી એપ્રિલે, 2023

**ઉદ્દેશ :** ગોપાલગંજમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો અને થવે ખાતેના દુર્ગા મંદિરમાં મુલાકાતીઓને આમંત્રિત કરવાનો ઉદ્દેશ રહ્યો.

# બાઉલ ઉત્સવ

**આયોજન :** ગુજરાતના ભાવનગર જીલ્લાના તલગાજરડા અને અન્ય ભાગો

**મહત્વ :** જાણીતા કવિ સતીશચંદ્ર વ્યાસના નેતૃવમાં ગુજરાતમાં બાઉલ યાત્રા ચાલી રહી છે. પશ્ચિમ બંગાળના વિશ્વ વિખ્યાત બાઉલ ગાયક મધુસુદન અને તેમના શિષ્ય ગુજરાતના વિવિધ પ્રાંતમાં બાઉલ સંગીત પ્રસ્તુત કરી રહ્યા છે.

**બાઉલ શું છે ?** બાઉલ બંગાળનો એક ભક્તિ સંપ્રદાય છે કે જેનો પ્રથમ ઉલ્લેખ 15મી સદીમાં જોવા મળે છે. આ સંપ્રદાય હિન્દુ અને મુસ્લિમ બન્ને સમુદાયોમાં ફેલાયેલો છે અને બંગાળના નદિયા જિલ્લામાં તેનો વિશેષ ફેલાવો થયેલો છે.

# યશોભૂમિ : કન્વેન્શન સેન્ટર

**ઉદ્ઘાટન :** 17 સપ્ટેમ્બર, 2023ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા

**સ્થાન :** દ્વારકા, દિલ્લી

**ક્ષમતા :** આ કન્વેન્શન સેન્ટરમાં મુખ્ય ઓડિટોરિયમ, વિશાળ બૉલરૂમ અને 11,000 પ્રતિનિધિઓને ક્ષમતા સાથે 13 મીટિંગ રૂમ સહિત 15 કન્વેન્શન રૂમનો સમાવેશ થાય છે.

**કુલ ખર્ચ :** 5400 કરોડ

**ડિઝાઇન :** સ્ટેડિયમની ડિઝાઇન ભગવાન શિવથી પ્રેરિત છે જેમાં ત્રિશૂળ આકારની ફ્લડલાઇટ્સ, અર્ધચંદ્રાકાર-આકારની છત કવર, ઘાટ-સ્ટેપ્સ આધારિત બેઠક અને ઇમારતની આગળના ભાગ પર બિલિપત્ર આકારની ધાતુની ચાદર શામેલ છે.

# વનપાલ સ્મારક

**સ્થાન :** ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે ગુજરાતના પ્રથમ ‘વનપાલ સ્મારક’નું નિર્માણ

**સમય :** 11 સપ્ટેમ્બર, 2023 (રાષ્ટ્રીય વન શહિદ દિવસ)

# છાબ તળાવ

**સ્થાન :** દાહોદ

**શા માટે ચર્ચામાં ? :** નવીનીકૃત તળાવનું વડાપ્રધાન મોદીના હસ્તે સપ્ટે. 23માં લોકાર્પણ

**ઇતિહાસ :** ઇ.સ. 1149માં સોલંકી શાસક સિદ્ધરાજ જયસિંહે માળવા ઉપર ચઢાઈ કરવા જતી વેળાએ કિવદંતી અનુસાર માત્ર એક જ રાતમાં છાબ તળાવનું નિર્માણ કરાવેલું.

# નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ : લોથલ

**નિર્માતા :** સાગરમાલા કાર્યક્રમ હેઠળ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય

**સ્થાન :** લોથલ, તા. ધોળકા, જિ. અમદાવાદ.

**બજેટ :** 4500 કરોડ

**ઉદ્દેશ :** છેલ્લા 5,000 વર્ષનો ભારતનો દરિયાઇ વારસો રજૂ કરવો અને લોથલને આંતરરાષ્ટ્રીય પર્યટન સ્થળના રૂપમાં સ્થાપિત કરવું.

**વિશેષતા :** આ કોમ્પલેક્સમાં વિશ્વનું સૌથી ઊંચું લાઇટહાઉસ મ્યુઝિયમ, વિશ્વની સૌથી મોટી ખુલ્લી એક્વેટિક ગેલેરી તથા ભારતનું સૌથી ભવ્ય નેવલ મ્યુઝિયમને વિકસિત કરાશે.

# નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ : લોથલ

**14 એક્ઝિબિશન સેક્શન :** આ કોમ્પલેક્સમાં એક મેરિટાઈમ મ્યુઝિયમ રહેશે જેમાં 14 એક્ઝિબિશન સેક્શન બનાવવામાં આવશે. આ કોમ્પલેક્સમાં દરિયાઈ વારસાના વિવિધ તત્વોને રજૂ કરવામાં આવશે.

**થીમ પાર્ક :** લોથલના આ કોમ્પલેક્સમાં એક થીમ પાર્ક હશે જેમાં ચાર ઝોન હશે જે પ્રાચીન, મધ્યકાલીન, બ્રિટિશ યુગીન અને આધુનિક વારસાને રજૂ કરશે.

**ખાસ બાબત :** આ કોમ્પલેક્સમાં મધ્ય યુગમાં માંડવી ખાતેના જહાજ નિર્માણ ઉધોગને પ્રદર્શિત કરાશે તથા કાસમ દ્વારા નિર્મિત ‘વિજળી’ જહાજને પણ રજૂ કરાશે. આ ‘વિજળી; જહાજને ભારતનું ટાઈટેનિક માનવામાં આવે છે કે જે 1888માં ડુબી ગયેલું.

# હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમા

અનાવરણ : મે, 2023માં વડાપ્રધાન મોદી દ્વારા

નિમિત્ત : G-7ની 49મી બેઠકનું આયોજન મે, 2023માં જાપાનના હિરોશિમા ખાતે થયેલું કે જેમાં વડાપ્રધાન મોદી હાજર રહેલા.

1. G-7 એક આંતરસરકારી રાજનીતિક સંગઠન છે કે જેની સ્થાપના 1973માં થયેલી.
2. G-7માં અમેરિકા, બ્રિટેન, જર્મની, ઇટાલી, કેનેડા, જાપાન, ફ્રાંસ એમ સાત દેશોના સભ્યપદના આધારે તેને G-7 કહેવામાં આવે છે.
3. હિરોશિમાની બેઠકમાં ભારત, ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, ઇન્ડોનેશિયા, વિયેટનામ વગેરે જેવા દેશોએ આમંત્રિત દેશના રૂપમાં ભાગ લીધેલો. આ બેઠકમાં યુક્રેન અતિથિ રાષ્ટ્ર હતું.

# ઓપરેશન કાવેરી

**સુદાન સંકટ :** એપ્રિલ, 2023માં સુડાનમાં લશ્કરી બળવાથી ઉભા થયેલા રાજકીય સંકટની સ્થિતિમાં ત્યાં રહેલા ભારતીયોને સુરક્ષિત ભારત લાવવા માટે ભારત સરકાર દ્વારા ઓપરેશન કાવેરીનું આયોજન કરવામાં આવેલું.

# વોટર હેરિટેજ સાઈટ્સ

**75 સાઈટ્સ :** જલ શક્તિ મંત્રાલયે ભારતની આઝાદીના 75 વર્ષે 75 વોટર હેરિટેજ સ્ટ્રક્ચર્સ થવા સાઈટ્સ (WHS)ની ઓળખ કરી છે જેમાં ગુજરાતની 5 સાઈટ્સ શામેલ છે.

## ગુજરાતની 5 સાઈટ્સ :

1. સુદર્શન તળાવ, જુનાગઢ
2. રાણકી વાવ, પાટણ
3. લોથલ ડોક્સ, લોથલ
4. હમીરસર તળાવ, ભુજ
5. અમદાવાદમાં આવેલા તળાવો

# અટ્ટુકલ પોંગલા

**આયોજન :** ફેબ્રુઆરી-માર્ચ દરમ્યાન 10 દિવસીય ઉત્સવનું આયોજન કેરળના તિરુવનંતપુરમ ખાતે થાય છે.

**અટ્ટુકલ ભગવતિ મદિર :** આ ઉત્સવમાં 9માં દિવસે મહિલાઓ દ્વારા માતાજીને પોંગલ બનાવીને અર્પિત કરવામાં આવે છે. આ મંદિરને મહિલા શબરીમાલા મંદિર પણ કહેવામાં આવે છે. આ મંદિરમાં ભદ્રકાળી અમ્મનની મૂર્તિ સ્થાપિત છે.

**ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ :** આ ઉત્સવને 2009માં 'ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ'માં વિશ્વની સૌથી મોટા મહિલાઓના ધાર્મિક મેળા તરીકે સ્થાન મળેલું. 2009માં એક જ દિવસમાં 2.5 મિલિયન મહિલાઓએ હાજરી આપી હતી.

# શિંકુ લા ટનલ

**નિમુ-પદમ-દારચા રોડ લિંક :** ફેબ્રુઆરી, 2023માં લદ્દાખના સરહદી વિસ્તારોને સર્વ-હવામાન કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે નિમુ-પદમ-દારચા રોડ લિંક પર શિંકુ લા ટનલના નિર્માણને ભારત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

**બજેટ અને મુદત્ત :** 1681 કરોડ અને ડિસેમ્બર, 2025 સુધીમાં પૂર્ણ થશે.

**ભૂગોળ :** શિંકુ લા, લદ્દાખ અને હિમાચલ પ્રદેશની સરહદ પર આવેલ એક પર્વતીય માર્ગ છે જે લેહ-લદ્દાખની જાસ્કર ખીણને હિમાચલ પ્રદેશના લાહૌલ સાથે જોડે છે. આ ટનલની લંબાઈ 4.1 કિમી હશે.

**ઝોજિલા ટનલ :** બીજી ઝોજિલા ટનલ પણ નિર્માણાધીન છે જે શ્રીનગર-કારગિલ-લેહ નેશનલ હાઈવે પર છે.



MANAS ACADEMY - 7228937808

# સાંસ્કૃતિક સાંપ્રતની અન્ય બાબતો

**વિશાખાપટ્ટનમ્મ** : આંધ્રપ્રદેશની નવી રાજધાની રહેશે. અમરાવતીને રાજધાની બનાવવાનો પ્રસ્તાવ હતો જે રદ્દ કરાયો છે.

**ધર્મ ધમ્મ પરિષદ** : માર્ચ, 2023માં મધ્ય પ્રદેશના ભોપાલ ખાતે ધર્મ ધમ્મ પરિષદનું આયોજન થયેલું.

**'આતિથ્યમ' ડેશબોર્ડ** : માર્ચ, 2023માં ગુજરાત સરકારે આ ડેશબોર્ડનું ઉદ્ઘાટન કર્યું જેના દ્વારા પ્રવાસીઓના રિયલ ટાઈમ ડેટા પ્રાપ્ત થશે. ગુજરાત આવું ડેશબોર્ડ બનાવનારું ભારતનું પ્રથમ રાજ્ય છે.

**ચર્ચગેટ રેલવે સ્ટેશન** : આ સ્ટેશનને હવે ચિંતામણરાવ દેશમુખ સ્ટેશન નામ અપાયું છે.

# સાંસ્કૃતિક સાંપ્રતની અન્ય બાબતો

**મુઘલ ઉધાનનું નવું નામ :** કેન્દ્ર સરકારે જાન્યુઆરી, 2023માં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં આવેલા 'મુગલ ગાર્ડન'નું નામ બદલીને 'અમૃત ઉધાન' કર્યું છે.

**પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ :** ભારતે 26 જાન્યુઆરી, 2023ના 'પ્રજાસત્તાક દિવસ' નિમિત્તે ઇજિપ્તના રાષ્ટ્રપતિ 'અબ્દેલ ફત્તાહ અલ-સીસીને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કર્યા હતા.

**મોપા એરપોર્ટ :** ભારત સરકારે જાન્યુઆરી, 2023માં ગોવા ખાતેના મોપા એરપોર્ટને ‘મનોહર ઇન્ટરનેશનલ એરપોર્ટ’ નામ આપ્યું છે.


GPSC પ્રિલિમ CUM મેઈન
એક્ઝામ ફાઉન્ડેશન બેચ
Manas Academy
એ બધું જ એક જ પ્લેટફોર્મ ઉપર કે જે તમને
ડેપ્યુટી કલેક્ટર કે Dy.S.P. બનાવે
સફળતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી
સતત તમારી સાથે
GPSC, DYSO, STI, PI ની સાથોસાથ હેડ ક્લાર્ક,
સિનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્કની પણ
સર્વાંગી તૈયારી
મયુર સરની મેંટરશીપ હેઠળ પ્રેરણા, ઉત્સાહ અને લગનથી તૈયારી કરવાનો અવસર.
અન્ય કોઈ પણ ફી કે ચાર્જ વગર બેચ લેક્ચર્સને રિપિટ કરવાનો અધિકાર
સંપૂર્ણ સિલેબસ પુરો કરાવવાની ગેરંટી
તર્ક અને વિશ્લેષણ આધારિત તૈયારી.
GCERT, NCERTની સાથોસાથ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, દિલ્લી યુનિવર્સિટી તથા સરકારી વેબસાઈટ્સ જેવા સ્ત્રોતો ઉપર આધારિત પ્રમાણિત તેમજ લક્ષ્ય આધારિત સ્ટડી મટિરિયલ
125 થી વધુ ઓબ્જેક્ટીવ ટેસ્ટ અને 50થી વધુ ડિસ્ક્રિપ્ટીવ ટેસ્ટ દ્વારા પરિણામ-કેન્દ્રિત તૈયારી.
રાઈટિંગ સ્કીલના વિકાસ ઉપર સ્પેશીયલ એટેન્શન તથા નિયમિત આન્સ્વર રાઈટિંગ પ્રેક્ટિસ
વિદ્યાર્થીમાં તાર્કિક, મૌલિક અને વિશ્લેષણાત્મક વિચારસરણીના વિકાસ ઉપર ખાસ ધ્યાન
ક્લાસ લેક્ચર્સ દરમ્યાન અને હોમ વર્ક એમ બન્ને રીતે દરેક વિષય ઉપર સેલ્ફ નોટ્સનું નિર્માણ કે જે પહેલા પ્રયાસમાં જ સફળતા અપાવી શકે.
GPSC તો માનસ એકેડેમીમાં જ...
Duration
ફાઈનલ સિલેક્શન સુધી
પ્રથમ ત્રણ લેક્ચર ફ્રી.
અમારે ત્યાં 3 ફ્રી લેક્ચર્સ એટેન્ડ કર્યા પછી જ ક્યાંય પણ એડમિશનનો નિર્ણય લેશો.
FOR FREE DEMO: 07228937808
માનસ એકેડેમી
ગુજરાતમાં ટકાવારીની દ્રષ્ટિએ સર્વશ્રેષ્ઠ પરિણામ...
આપ પણ જોડાઇ પૂર્ણ સફળતા પ્રાપ્ત કરો.
સંપર્ક: 07228937808
manasacademy +91 7228937808
219, બીજો માળ, સનરાઈઝ મોલ, માનસી સર્કલ, વસ્ત્રાપુર, અમદાવાદ


LIKE
COMMENT
SHARE
SUBSCRIBE